# ભરૂચ જીલ્લા પોલીસ દ્વારા કરેલ સારી કામગીરીની માહિતી

DATE: 22/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10

## અંકલેશ્વરમાં બાઇક ચોરીનો આરોપી ઝડપાયો



અંકલેશ્વર: અંકલેશ્વર શહેર પોલીસે વાલિયા પણસોલી ગામના બાઈક ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. અંકલેશ્વર શહેરમાંથી બાઈક ચોરીનો આરોપી અંકલેશ્વર શહેરમાં ફરી રહ્યો છે તેવી બાતમીને આધારે પોલીસે વોચ ગોઠવી વાલિયા તાલુકાના પણસોલી ગામના કિશન માનસિંગ વસાવાને ઝડપી પાડી તેના વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

DATE: 22/04/2019 CATEGORY: GREEN
E-PAPER DIVYABHSKAR PAGE-01

# આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર તાલુકામાં આવેલાં નવા દિવા ગામે આવેલ નવી વસાહતમાં રહેતા બાબુ વસાવાને ત્યાં ચાલતા વર્લી મટકાના જુગારમાં અડ્ડા પર અંકલેશ્વર શહેર પોલીસે દરોડા પાડ્યા હતાં. જ્યા જુગાર રમાડતા બાબુ વસાવાને રંગે હાથો ઝડપી પાડી પોલીસે 1515 રૂપિયા રોકડા અને જુગાર રમવા સાધનો જપ્ત કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ગૂનો નોંધી તપાસ આરંભી હતી.

DATE: 23/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-14

# ચાંચવેલના મુસ્તાક પઠાણને પોલીસે ચાર જિલ્લામાંથી હદપાર કર્યો



**ભરૂચઃ** વાગરા પોલીસે ચાંચવેલ ગામના મુસ્તાક મુસા મહમદ પઠાણ વિરુદ્ધમાં એટ્રોસિટી, છેડતી, મારામારી જેવા ગુનાઓ પોલીસ ચોપડે નોંધાયેલા છે. લોકભાની ચૂંટણીને ધ્યાનમાં લઈ જેની ખાનગી રહે તપાસ વાગરા પોસઈ જે.કે.ડાંગરે કરાવી આરોપી મુસ્તાક વિરુદ્ધ ૧૫/૦૪/૧૯ ના રોજ હદપારની દરખાસ્ત કરવામાં આવી હતી. જે આધારે સબડીવીઝનલ મેજિસ્ટ્રેટ ભરૂચે ૨૦/૦૪/૧૯ ના રોજ આરોપીને ભરૂચ, નર્મદા, વડોદરા, સુરત શહેર અને જિલ્લાઓની હદમાંથી છ મહિના માટે હદપાર કરવાનો હુકમ કર્યો છે.

DATE: 23/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-14

# ભરૂચ બેઠક પર ૧૫.૬૪ લાખ મતદારો આજે મતદાન કરશે

## ૧૯૧૬ બુથ પર ૬૩૯૫ ચૂંટણી સ્ટાફ અને ૬૦૦૦ થી વધુ સુરક્ષા જવાનો ફરજ પર તૈનાત

ભરૂચ: ભરૂચ લોકસભા બેઠકના ૧૫.૬૪ લાખ મતદારો મંગળવારે મતદાન કરશે, જેના માટે જિલ્લા ચૂંટણી તંત્ર સજ્જ બન્યું છે. ભરૂચ લોકસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ ૭ વિધાસભા બેઠક વિસ્તારમાં મંગળવારે સવારે ૭ કલાકથી ચૂંટણી ક્રિયા હાથ ધરાશે. સોમવારે ૧૯૧૬ બુથ માટે ઈવીએમ, વી.વી.પી.ટી., કંટ્રોલ-બેલેટ યુનિટની ફાળવણી પોલિંગ ઓફિસર, સિાઈડિંગ, આસિસ્ટન્ટ સિાઈડિંગ, માઈક્રો ઓબ્ઝર્વર સહિતને કામગીરી સોંપી દેવાઈ છે.

ચૂંટણી ફરજમાં ૬૩૯૫ વહીવટી કર્મચારીઓ સાથે ૬૦૦૦થી વધુ સુરક્ષા કર્મચારીઓ ફરજમાં ખડેપગે રેહશે. ભરૂચ બેઠક પર ક્લીન એન્ડ ફેર ચૂંટણી યોજવા તંત્ર તૈયાર છે ત્યારે મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા ઉત્સુક બન્યા છે.



ભરૂચ બેઠક પર મતદાનને લઇ અંકલેશ્વર, વાલિયા, નેત્રંગ અને ભરૂચમાં ચાંપતો પોલીસ બંદોબસ્ત મુકાયો

## વાલિયા મત વિસ્તારમાં ૧૬૮૧ અધિકારીઓ, કર્મચારીઓ સાથે સ્ટાફ ચૂંટણી કાર્યમાં જોતરાયો

વાલિયા : મંગળવારે લોકસભાની ચૂંટણીને લઈ વાલિયા ચુંટણી અધિકારી દ્વારા વાલિયા તાલુકા મત વિસ્તારમાં સ્ટાફની ફાળવણી કરવામાં આવી હતી જેમાં કુલ ૩૨૧ મતદાન મથકો પર પ્રિસાઇડિંગ ઓફિસર સાથેનો મતદાનનો સ્ટાફ ફાળવવામાં આવ્યો છે આ સ્ટાફમાં ૪૯ ઝોનલ અધિકારી, ૮૨ માઇક્રો



ઓબ્ઝાર્વર મળી કુલ - ૧૬૮૧ અધિકારીઓ, કર્મચારીઓ તેમજ સ્ટાફ તેમજ ૩૫ વેબ કાસ્ટિંગ મતદાન મથકો પર કેમેરા મુકવામાં આવ્યા છે. ચૂંટણી પ્રક્રિયામાં ૬૪ વિડીયોગ્રાફરો મુકવામાં આવ્યા છે. ચૂંટણી પ્રક્રિયામાં રેવન્યુ, શિક્ષણ વિભાગનો સ્ટાફ, પંચાયતનો સ્ટાફ સહિતના ચૂંટણીમાં ફાળવેલા કર્મચારીઓ ચૂંટણીની કામગીરીમાં જોતરાય છે જ્યારે પોલીસ તંત્ર, પેરા મીલીટરી જવાનો ખડે પગે ફરજ બજાવશે.

DATE: 23/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-09

# અંકલેશ્વર - ભરૂચ જિલ્લા વિવિધ વિસ્તારમાં પોલીસ દ્વારા હેલ્પલાઈન નંબરથી બેનર લગાવાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વર - ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા અંકલેશ્વરમાં પોલીસ હેલ્પલાઈન નંબરોના બેનરો લગાડવામાં આવ્યા હતા.

આવતીકાલના મંગળવારના રોજ લોકસભાની ચૂંણીની મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે ત્યારે આજરોજ અંકલેશ્વર ચૂંટણી ધિકારી દ્વારા અંકલેશ્વર - હાંસોટ વિધાનસભા મત વિસ્તારમાં સ્ટાફની ફાળવણી કરવામાં આવી હતી તથા બીજી તરફ ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા અંકલેશ્વરમાં પોલીસ હેલ્પ લાઈનના બેનરો લગાડવામાં આવ્યા છે. જેમાં પબ્લિકની સેવા અર્થે લાગેલ બનેરમાં તમામ નંબર ઉપર ફોન કરી પોતાની મુસીબત જણાવી શકે તે હેતુથી ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા તમામ કેન્દ્રો ઉપર બેનર લગાવવામાં આવ્યા. મતદાન કરવાને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ચૂંટણીપંચ દ્વારા ચૂંટણીની તૈયારીને આખરીઓપ અપાઈ રહ્યો છે. ભરૂચ પોલીસ તંત્ર દ્વારા મતદારોને કોઈ પણ મુસીબતમાં મદદ કરવા માટે આ પહેલ કરવામાં આવી છે.

DATE: 24/04/2019 CATEGORY: GREEN
E-PAPER SANDESH PAGE-07

# શાંતિપૂર્ણ મતદાન

## ભરૂચ બેઠકના ૧૬૧૯ મતદાન મથકો ૮૦૦૦ જવાનોનો કાફલો

### ૧૭ ઉમેદવારોના ભાવિ EVM મશીનોમાં સીલ થયા

ભરૂચ લોકસભા બેઠક માટે તમામ ૧૬૧૯ મતદાન મથકો પર સેન્ટ્રલ પેરામીલેટ્રી ફોર્સ, સીઆરપીએફ, એસઆરપીએફ, આરપીએફ, જીઆરપી, જિલ્લા પોલીસ, હોમગાર્ડસ સહિત ૮૦૦૦ થી વધુ જવાનોનો કાફલો સુરક્ષા તેમજ બંદોબસ્તમાં ખડકાયો હતો. સવારથી જ ભરૂચ વિધાનસભામાં સમાવિષ્ટ સાતેય વિધાનસભા બેઠકો પર ચૂસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપુર્ણ રીતે મતદાન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. સાંજે મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા સુધીમાં મતવિસ્તારમાં કોઈપણ અપ્રિય ઘટના બની નથી. બેઠકના ૭૧.૭૭ ટકા મતદાન થતા ઉમેદવારોના ભાવિ ઇવીએમ મશીનમાં સીલ કર્યા છે.



લોકશાહીના પર્વમાં જોડાવા ભરૂચમાં સવારથી જ તમામ વર્ગના મતદારોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળ્યો હતો. પુરૂષ મતદારોએ સવારથી જ વિવિધ મતદાન મથકોએ કતારો લગાવી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

DATE: 25/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10



■ ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી પૂરી થયા બાદ ઇવીએમ મશીનો સ્ટોર રૂમમાં મૂકીને રૂમને સીલ કરી દેવાયો છે.

# ભરૂચ લોકસભા બેઠકના ૧૭ ઉમેદવારોનું ભાવી ઈ.વી.એમ.- સ્ટ્રોંગ રૂમમાં સીલ

**સ્ટ્રોંગ રૂમમાં** અંદર-બહાર સી.સી.ટી.વી. કેમેરાની બાજ નગર: લોખંડી બંદોબસ્ત તૈનાત

**૨૩-મે ના** રોજ મત ગણતરી દરમ્યાન મશીનોની સુરક્ષા વ્યવસ્થા સાથે બહાર કાઢવામાં આવશે

ભરૂચ: ભરૂચ લોકસભાબેઠકની મતદાન પ્રક્રિયા પૂર્ણ થતા જ ૧૭ જેટલા ઉમેદવારોનું ભાવિ ઇ.વી.એમ.માં સીલ કરાયું છે. તમામ ઇ.વી.એમ. અને વી.વી.પેટ મશીનને સી.સ.ટી.વી. કેમેરાની બાજ નજર અને પેરામીલીટરી ફોર્સ સહિતના લોખંડી બંદોબસ્ત સાથે ભરૂચની પોલિટેક્નિક કોલેજ ખાતે સુરક્ષિત રખાયા છે.

ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી મંગળવારના રોજ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ કરજણ, જંબુસર, વાગરા, ભરૂચ, અંકલેશ્વર, ઝઘડિયા અને ડેડીયાપાડા એમ સાતે વિધાનસભા બેઠકમાંથી તમામ ઇ.વી.એમ. અને વી.વી.પેટ મશીનો સુરક્ષિત રીતે મોડી રાત સુધીમાં ભરૂચની કે.જે. પોલિટેક્નિક ખાતે લવાયા હતા. જ્યાં સાત વિધાનસભા બેઠક પ્રમાણે સાત જેટલા સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવ્યા છે. જેમાં ઈ.વી.એમ. અને વી.વી.પેટ મશીનને સુરક્ષિત રાખવા માટેની વ્યવસ્થા ઊભી કરાઈ છે.

૨૩-મે ના રોજ મત ગણતરી દરમ્યાન મશીનોની સુરક્ષા વ્યવસ્થા સાથે બહાર કાઢવામાં આવશે. એક મહિના સુધીઆ મશીનો સ્ટ્રોંગ રૂમમાં રહેશે. એક મહિના દરમ્યાન કોઇ અનુચિત બનાવ ન બને તે માટે સ્ટ્રોંગ રૂમ ફરતે લોખંડી સુરક્ષા વ્યવસ્થા ઉભી કરાઈ છે. સ્ટ્રોંગ રૂમની અંદ અને બહાર બન્ને બાજુ અંદાજે ૩૫ થી વધુ સી.સી.ટી.વી. કેમેરાની બાજનજર છે. જ્યારે સાતે સ્ટ્રોંગરૂમના દરવાજા પર ચાર-ચાર બી.એસ.એફ.ના જવાનોને તૈનાત કરાયા છે. જેમને સ્ટ્રોંગ રૂમ છોડીને ક્યાંય જવા પર નિયંત્રણ મૂકાયા છે. આ ઉપરાંત ભરૂચ પોલીસનો કાફલો પણ કોલેજની ફરતે તૈનાત કરાયો છે. ઈ.વી.એમ. અને વી.વી.પેટ મશીનની સુરક્ષા અને સ્ટ્રોંગ રૂમની સુરક્ષા વ્યવસ્થા માટે કે.જે. પોલિટેક્નિક કોલેજ ખાતે જિલ્લા મુખ્ય ચૂંટણી અધિકારી અને કલેક્ટર રવિકુમાર અરોરા, આરએસી આર.જે. માલી, જિલ્લા પોલીસવડા રાજેન્દ્રસિંહ ચૂડાસમા સહિતના અધિકારીઓની મીટીંગ મળી હતી. જેમાં સુરક્ષા વ્યવસ્થઓને લઇ ચર્ચાઓ હાથ ધરાઈ હતી.

DATE: 25/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATGUARDIAN PAGE-07

# અંકલેશ્વર શહેર પોલીસના જવાનોએ વડીલોને મતદાન માટે મદદ કરી



**અંકલેશ્વરઃ** લોકસભાની ભરૂચ બેઠક માટેની ચૂંટણીનું મતદાન ગઈકાલના રોજ સંપૂર્ણ થયું હતું. જેમાં શાંતિપૂર્વક લોકોએ મતદાન કર્યું હતું. પરંતુ મતદાન દરમિયાન અંકલેશ્વર શહેર પોલીસના જવાનોએ પણ માનવતા મહેર પ્રસરાવી હતી. જેમાં અંકલેશ્વર શહેર પોલીસના જવાનોએ ખડેપગે તેમની ફરજ બજાવવા સાથે મતદાન કરવા માટે આવેલ વડીલોની સહાય કરી માનવતા પણ સાચવી હતી. પોલીસકર્મી દ્વારા વડીલોનો હાથ પકડી મતદાન કેન્દ્ર સુધી પહોંચાડી માનવતાની ફરજ નિભાવી હતી અને લોકતંત્ર જીવિત રહે એ હેતુથી વધુમાં વધુ મતદાન થાય અને શાંતિપૂર્વક મતદાન સંપૂર્ણ થાય એ હેતુથી અંકલેશ્વર શહેર પોલીસે ખડેપગે ઊભા રહી પોતાની ફરજ નિભાવી હતી. પરંતુ લોકો આ વાતને નજરઅંદાજ કરતા હોય છે. ત્યારે અમુક વાર આવી તસવીર પણ ઘણું બધું કહી જતી હોય છે.

DATE: 26/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATGUARDIAN PAGE-06

# ભરૂચના એલઆરડી જવાનનું એટીએમ કાર્ડ ક્લોન કરી રૂપિયા ઉપાડી લેનારા બે ઝડપાયા


(તસવીર : ઝફર ગડીમલ)

## ઉત્તરપ્રદેશના અમિતકુમાર પાંડે અને સુનિલકુમાર વર્માએ 20 હજાર ઉપાડી લીધા હતા

**વાગરા,તા.૨૫** ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનના એલઆરડી જવાનનું એટીએમ કાર્ડ ક્લોન કરી તેના એક્સિસ બેન્કના ખાતામાંથી તબક્કાવાર રીતે 20 હજાર રૂપિયા ઉપડયાની ફરિયાદ સી ડિવિઝન પોલીસ મથકે નોંધાઇ હતી. એલસીબીએ નાણાં ઉપાડી લેનાર ટોળકીના બે સાગરિતોને સાઇબર ક્રાઇમ સેલની મદદથી ઝડપી પાડયા હતા. તેમજ યુપીના પ્રતાપગઢથી એટીએમ ક્લોનિંગ કરતી ગેંગના અન્ય ત્રણ સાગરિતોને જેર કરવાની કવાયત એલસીબીએ હાથ ધરી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર એટીએમ ચોરી લઇ કે પછી પૈસા કાઢી આપવાના બહાને રૂપિયા ઉપાડી લેવાના અનેક કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.પરંતુ ભરૂચમાં એટીએમ કાર્ડને ક્લોનિગ કરી પૈસા ઉપાડી લેવાની ઘટના સામે આવી હતી.ભરૂચ એલસીબીની ટીમે એટીએમ કાર્ડ ક્લોનિંગ કરી ખાતામાંથી રૂપિયા ઉઠાવી લેવાના કારસામાં યુપીના બે ગઠિયાઓને ઝડપી પાડયા હતા.ભરૂચ તાલુકા પોલીસ સ્ટેશનમાં લોકરક્ષક દળમાં ફરજ બજાવતાં હેતલકુમાર વસાવા (રહે., સિંધોત, ભરૂચ) ના એકાઉન્ટમાંથી તબક્કાવાર રીતે 20 હજાર ઉપડયાનો મેસેજ આવતાં તેમણે સી ડિવિઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. દરમિયાનમાં ભરૂચની સાઇબર ક્રાઇમ સેલની મદદ થી પોલીસે મામલા અંગે સઘન તપાસ હાથ ધરતા મોટી સફળતા પ્રાપ્ત મળી હતી.યુપી ના પ્રતાપગઢ ખાતેથી અમિત કુમાર વિજયનાથ પાન્ડે, રહે બાલાપુર થાણા અન્તુ જી, પ્રતાપગઢ (યુ.પી) તેમજ અન્ય એક આરોપી સુનિલકુમાર રામબર વર્મા (રહે.,જમાલપુર, પુરનપુર ખજૂર, થાણા-જેથવારા, પ્રતાપગઢ,યુ.પી)ને ઝડપી પાડ્યા હતા. જ્યારે તેમની સાથે સંડોવાયેલા ત્રણ સાગરીતોને પોલીસે ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

DATE: 26/04/2019 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

### પોલીસને જોઈ જુગારિયાઓમાં દોડધામ મચી

# વાગરામાં જાહેરમાં જુગાર રમતાં 5 જુગારી ઝડપાયાં

## તમામ વિરૂદ્ધ પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો

**ભાસ્કર ન્યૂઝ | ભરૂચ**

વાગરા શહેરના વાટાફળિયા વિસ્તારમાં જાહેરમાં ટોળું વળી જુગાર રમતાં જુગારિયા પર વાગરા પોલીસે દરોડો પાડ્યો હતો. ટીમે પાંચ જુગારિયાઓને ઝડપી પાડી તેમની પાસેથી રોકડા રૂપિયા તેમજ એક મોબાઇલ મળી 5400 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી તમામ વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, વાગરા શહેરના વાંટાફળિયામાં કોમ્પ્લેક્ષની પાછળ ખુલ્લામાં ટોળું વળીને કેટલાંક શખ્સો જુગાર રમી રહ્યાં હોવાની ચોક્કસ બાતમી પો.કો. વિપુલભાઇને મળી હતી. જેના આધારે વાગરા પોલીસની ટીમે તુરંત ...અનુસંધાન પાના નં.2

DATE: 26/04/2019 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

### જુગારિયાઓ પાસેથી 29 હજાર રોકડા, 9 મોબાઈલ મળી 61 હજારનો મુદ્દામાલ જપ્ત

# પાલેજમાં એલસીબીની ટીમે દરોડો પાડી 11 જુગારિયાઓને ઝડપી પાડ્યાં

## એલસીબીએ પાલેજ પોલીસ સ્ટેશને ગુનો નોંધાવ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

પાલેજ રેલવે ફાટક પાસેની સોસાયટી નજીક જાહેરમાં જુગાર રમતાં 11 જુગારિયાઓને એલસીબીની ટીમે ઝડપી પાડ્યાં હતાં. જુગારિયાઓ પાસેથી પોલીસે રોકડા રૂપિયા 29 હજાર તેમજ 32 હજારના મોબાઇલ મળી કુલ 61 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તમામ વિરૂદ્ધ પાલેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, ભરૂચ એલસીબીની ટીમ પાલેજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. તે વેળાં હેડ કોન્સ્ટેબલ જયેન્દ્રભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે, ...અનુસંધાન પાના નં.2



પાલેજ રેલવે ફાટક પાસે જાહેરમાં જુગાર રમતાં 11 જુગારિયાઓને એલસીબીએ ઝડપી પાડ્યાં હતાં.

DATE: 27/04/2019 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE-01

### પોલીસની રેડ પડતાં જુગારિયાઓમાં દોડધામ મચી

# ટંકારિયામાં આંકડાનો જુગાર રમાડતો શખ્સ ઝડપાયો

### આરોપી પાસેથી 11 હજાર રૂપિયા રોકડા જપ્ત કર્યા

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ તાલુકાના ટંકારીયા ગામે ઘોડી રોડ પર આંકડાનો જુગાર રમાડતાં શખ્સને પાલેજ પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી રોકડા રૂપિયા 11 હજાર સહિત જુગારના સાધનો જપ્ત કર્યાં હતાં. બનાવને પગલે પાલેજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી અનુસાર, પાલેજ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ જે. જે. પટેલને ચોક્કસ બાતમી મળી હતી કે, ટંકારિયા ગામે ઘોડી રોડ પર એક શખ્સ આંકડાનો જુગાર રમાડે છે. જેના પગલે તેમણે તેમની ટીમને સ્થળ પર રવાના કરી હતી.

...અનુસંધાન પાના નં.2

DATE: 28/04/2019 CATEGORY: GREEN
E-PAPER GUJARATMITRA PAGE-10



# ભરૂચ એલસીબી પોલીસે ગેરકાયદે અનાજ ભરેલો ટેમ્પો અને ચાલકને પકડ્યો

અંકલેશ્વર : શુક્રવારે અંકલેશ્વરના વાલિયા ચોકડી વિસ્તારમાં એલસીબી પોલીસ પેટ્રોલીંગ દરમિયાન એક અનાજ ભરેલી ટ્રકમાં તપાસ કરતા તેમાંથી ઘઉંની ભરેલી ૫૦ કિલોગ્રામની ૨૦૦ બોરી મળી આવી હતી. જેથી ટેમ્પા ડ્રાઈવર અશોકભાઈ હીરાભાઈ વસાવા (રહે. દુમાલા માલપુર, તા. ઝઘડીયા જી.ભરૂચ) પાસે ઘઉંની બોરીઓના બીલ તથા આધાર પુરાવા માંગતા તે નહિ હોવાનું જણાવ્યું હતું તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો તેથી ટેમ્પામાં ભરેલો ઘઉંનો જથ્થો ચોરી છળકપટથી મેળવેલો હોવાની શંકા જતા પોલીસે ૨૦૦ બોરી ઘઉ કિંમત રૂ. ૨ લાખ તથા ટેમ્પો કિંમત રૂ. ૩.૫૦ લાખ મળી રૂ. ૫.૫૦ લાખનો મુદ્દામાલ પોલીસે કબજે લીધો હતો તથા ટેમ્પા સહિત ડ્રાઈવરને અંકલેશ્વર જીઆઈડીસી પોલીસે લઈ જવામાં આવ્યા હતા અને આ ટેમ્પો ક્યાંથી લાવ્યો છે.

**કાર્યવાહી** સ્વીફ્ટ કાર બેરલો તથા ડીઝલ મળી ૩.૩૯ લાખનો મુદ્દામાલ જપ્ત

# આમોદના સમની ગામે વાહનોમાંથી ડીઝલ ચોરી કરતી ગેંગ ઝડપાઈ

આમોદ: આમોદ તાલુકાના સમની ગામ પાસે કોન્ટ્રાક્ટના વાહનોમાંથી રાત્રીના સમયે ડીઝલ ચોરી કરતી ગેંગના સમની ગામના બે સ્થાનિક લોકો સાથે મૂળ ઉત્તરપ્રદેશના પરંતુ હાલ સમની ગામે રહેતા અન્ય બે ઈસમોને આમોદ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આમોદ તાલુકાના સમની ગામે સ્મશાનવાળી તલાવડીમાંથી માટી ખોદીને વડોદરાથી મુંબઈ બનતાં એક્સપ્રેસ હાઈવે રોડ બનાવવા માટે માટી પુરાણનું કામ ચાલતું હતું. જે એક્સપ્રેસ હાઈવે ઉપર માટી પુરાણ કરવાનો કોન્ટ્રાક્ટ પીઆઈપીએલ (મુંબઈ) કંપનીને મળ્યો હતો. જે કંપનીએ સ્વસ્તિક કંપનીને કામ આપ્યું હતું. જેના કોન્ટ્રાક્ટર તરીકે મનોજભાઈ ભવાનભાઈ ભિંગરાડીયા રહે. મોટા વરાછા સુરતને કામ સોંપાયું હતું. જેથી તેઓ પાંચ હાઈવા તથા બે હીટાચી મશીનથી એક્સપ્રેસ હાઈવે ઉપર માટી પુરાણનું કામ સંભાળતા હતા. પરંતુ છેલ્લા પંદર દિવસથી તેમના વાહનોમાં એવરેજ ઓછું આવતા તેમણે તેમનાં વિશ્વાસુ ડ્રાઈવરને



■ વાહનોમાંથી ડીઝલ ચોરી કરતી ગેંગને આમોદ પોલીસે ઝડપી પાડી.

વાહનોમાં અવારનવાર ચેક કરવા જણાવ્યું હતું. જેથી કોન્ટ્રાક્ટર મનોજ ભિંગરાડીયાને હીટાચીના ડ્રાઈવર મુકેશે ફોનથી જણાવ્યું હતું કે બે અજાણ્યા ઈસમો હીટાચી ગાડીમાંથી ડીઝલ કાઢીને મોટરસાઈકલ ઉપર ડીઝલનું કેન લઈને ભાગી ગયા હતા. અને ૩૫ લિટરનું ડીઝલ ભરેલું કેન હીટાચી પાસે પડ્યું હતું. જે ડીઝલ ભરેલા કારબા ઉપર અમિત લખેલું હતું. જેથી ડીઝલ ચોરી અંગેની ફરિયાદ કોન્ટ્રાક્ટર મનોજ ભિંગરાડીયાએ આમોદ પોલીસ મથકે ૨૬ એપ્રિલે નોંધાવી હતી.જેથી આમોદ પોલીસ સબ ઈન્સ્પેક્ટર મિતેષ શકોરિયાએ ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જે બાબતે આમોદ પોલીસને ડીઝલ ચોરી કરતી ગેંગ બાબતે મોટી સફળતા મળી હતી. અને સમની ગામના જ વતની તેમજ હાઈવા ડ્રાઈવર ના એકબીજાની મદદગારી રાત્રીના સમયે વાહનોમાંથી ડીઝલ ચોરીને અંજામ આપતા હતાં.

આમોદ પોલીસે ચારેય આરોપી પાસેથી ૧૩૩૦ લિટર ડિઝલ જેની કિંમત રૂપિયા ૮૯૦૫૦ તથા ૬ ખાલી બેરલ જેની કિંમત રૂપિયા ૩૦૦ તેમજ એક સ્વીફ્ટ ગાડી જેની કિંમત રૂપિયા ૨૫૦૦૦૦ મળી કુલ ૩૩૯૩૫૦નો મુદ્દામાલ કબજે કરી તેમને જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. આમોદ પોલીસે ડીઝલ ચોરીમાં પકડાયેલ ચારેય આરોપીઓને વાગરા કોર્ટ ખાતે રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી. ચારેય આરોપીઓ અન્ય કોને ડીઝલ વેચતા હતા કે કેમ તે દિશામાં પણ પોલીસે તપાસ હાથ ધરી હતી.

## ડ્રાઈવરો રાત્રીના સમયે વાહનોથી ડીઝલ ચોરી કરી સમની ગામના સ્થાનિક રહીશોને વેંચી દેતાં

**આમોદ** તાલુકાના સમની ગામેથી ડીઝલ ચોરી કરતી ગેંગ એકબીજાના મેળાપીપણામાં પરપ્રાંતીય વાહન ચાલકો પોતાના કબજામાં રહેલ હાઈવા તથા હીટાચી મશીનમાંથી ચોરેલું ડીઝલ સ્થાનિક રહીશોને બોલાવી બારોબાર સોદો કરી દેતા હતા. અને સમની ગામના સ્થાનિક રહીશો કેનમાં ડીઝલ લઈ જઈ ઘરે મોટા બેરલમાં ભરી સંગ્રહ કરતા હતા. જેથી સ્થાનિકો પાસેથી આમોદ પોલીસે ડીઝલ ભરેલા બેરલો તથા કેન પણ કબજે કર્યા હતા.

## આમોદ પોલીસે ડીઝલ ચોરીના ઝડપેલા આરોપીઓ

(૧) **ચિંતન** ઉર્ફે અમિત અરવિંદ પટેલ. રહે. સમની તા. આમોદ
(૨) તેજસ મહેન્દ્ર પટેલ. રહે. સમની. તા. આમોદ
(૩) નીરજ ભરત યાદવ રહે. મૂળ રહે. યુ.પી.હાલ સમની. તા. આમોદ
(૪) કમલેશકુમાર ઉર્ફે કૈલાસ રામવિલાસ સાદ મૂળ રહે યુ.પી.હાલ સમની તા.આમોદ